## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાંભળ, ગઈ કાલે મારા સાસુમા...કાળા કાનજી, કાળા કાનજીનો જન્મદિવસ છે એમ કરીને ફરાળમાં ઢગલો કાલાજામ ખાઈ ગયા..ને ડાયાબીટીસ વધી ગયો. હું હોસ્પિટલ જાઉં છું...!!

# ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

**મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કલોલ ખાતે ઉત્સાહ પૂર્વક કરાઇ : રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો**







ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૧મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે ઉત્સાહપુર્વક કરવામાં આવી હતી. ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. મંત્રીશ્રીએ મહામુલી આઝાદી અપાવનાર નામી અનામી વીર શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગાંધીજી અને સરદાર વલ્લભાઈ પટેલ બંને વીર સુપતો ગરવી ગુજરાતની ધરાના.. આપણાં ગુજરાતી. આપણે જયારે ગૌરવભેર ગાંધી અને સરદારને આપણા કહી યાદ કરીએ છીએ ત્યારે સ્વરાજયથી સુરાજય સુધીના એમણે જોયેલાં સ્વપ્નો સાકાર કરવાની આપણા સૌની જવાબદારી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયની કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા સારું ખૂબ જ ટુંકા ગાળમાં ૧૮ હજારથી વધુ પોલીસ કર્મચારીઓની વિવિધ જગ્યાએ ભરતી કરવામાં આવી છે. લોકશાહીમાં લોકાભિમુખ વહીવટ થાય અને લોકોને ઘર આંગણે ઝડપી અને બિન ખર્ચાળ ન્યાય ઝડપથી મળી શકે તે માટે ગુજરાત હાઈકોર્ટના પરામર્શમાં રાજય સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં અને તાલુકામાં કોર્ટ કાર્યરત કરવામાં આવી છે.

આ પ્રસંગે મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે કલેકટર શ્રી સતીશ પટેલને કલોલ તાલુકા માટે ૨૫ લાખ અને માણસા, દહેગામ તથા ગાંધીનગર તાલુકાના વિકાસ કામો માટે દરેકને ૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કલોલની વિવિધ શાળાઓનો બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ ડોગ સ્કોડ દ્વારા ડોગના કરતબ રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્તાઓનું સન્માન તથા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાને ટ્રાફી પણ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. તમામ લોકો માટે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા સ્વાઈન ફુલના ઉકાળાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, નગરપાલિકા પ્રમખુ શ્રી આનંદીબેન પટેલ, જિલ્લા પોલીસ વડા શ્રી વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, કલોલ પ્રાંત અધિકારી શ્રી કે.વી.ભાલોડિયા સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## લીંબડીયા કેનાલમાંથી બિનવારસી મૃતદેહ મળ્યો

ડભોડા નજીક આવેલા લીંબડીયા નર્મદા કેનાલમાંથી સાતમની સાંજે એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. બિનવારસી મૃતદેહ બહાર કઢાવી ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. જો કે મૃતક પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. ડભોડા પોલીસે મૃતકની ઓળખ કરવા ચક્રો તેજ બનાવ્યા છે અને તેના મૃત્યુનું કારણ બહાર લાવવા મૃતદેહ પી.એમ. કરાવી તે દિશામાં તપાસ આરંભી છે.

# શહેરમાં જન્માષ્ટમીની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી

**'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના જયઘોષ ગૂંજ્યા : ઠેર-ઠેર મટકી ફોડના કાર્યક્રમો યોજાયા**

**રાસ-ગરબા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન : પંચદેવ ખાતે લોકમેળામાં જનમેદની ઉમટી**





ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના જન્માષ્ટમીનું પર્વ અનોખા હર્ષોલ્લાસ અને ભક્તિભાવ પૂર્ણ માહોલમાં ઉજવાયું હતુ. શહેરના મંદિરોમાં દિવસભર ધાર્મિક કાર્યક્રમો સાથે મધ્ય રાત્રિએ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ઉજવાયો હતો. આ સાથે સેક્ટર-૨૨માં સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરે પરંપરાગત લોકમેળો ભરાયો હતો. આ ઉપરાંત શહેરના મંદિરો તેમજ વસાહતો, સોસાયટીઓ વગેરેમાં પણ કૃષ્ણ જન્મની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભક્તો રાસ-ગરબા પણ રમ્યાં હતા અને ભજનકિર્તનમાં પણ લીન થયા હતા. ઠેર-ઠેર મટકીફોડના કાર્યક્રમો યોજાયા હતા.





શહેરના પંચદેવ મંદિરે પરંપરાગત રીતે યોજાતા લોકમેળામાં ખાસ કરીને બપોર પછી ભારે મેદની ઉમટી હતી. મંદિર પરિસરમાં યુવક મંડળ તથા ભાવિકો દ્વારા ભજન કિર્તનના કાર્યક્રમ યોજાયા હતા. બરાબર બારના ટકોરે કૃષ્ણજન્મ દર્શન યોજાવા સાથે આરતી કરવામાં આવી હતી. પંચદેવ મંદિરે શહેરીજનો પરિવાર સાથે દર્શન માટે ઉમટી પડ્યા હતા. આ સાથે શહેરના સેક્ટર-૨૯માં જલારામ મંદિરે મટકી ફોડ સાથે જન્માષ્ટમીની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ નટખટ કાનુડાના જન્મને 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ની ગૂંજ સાથે વધાવી લીધો હતો. સેક્ટર-૩૦માં ઝુલેલાલ મંદિર તથા સેક્ટર-૧માં ગાયત્રી મંદિર ખાતે યોજાયેલા કૃષ્ણ જન્મોત્સવમાં પૂજન ડાન્સ ક્લાસીસ દ્વારા નૃત્ય નાટિકા પ્રસ્તુત કરાઈ હતી. સેક્ટર-૧૬માં બાલાજી મંદિર અને સોમનાથ મહાદેવ ખાતે જન્માષ્ટમીનું પર્વ ઉજવાયુ હતુ અને ભાવિકોએ કૃષ્ણ જન્મના દર્શનનો લ્હાવો લીધો હતો. સેકટર-૩-એ-ન્યુ ખાતે ભજન-કિર્તન, કૃષ્ણ જન્મ અને મટકી ફોડના કાર્યક્રમ યોજાયા હતા તથા આતશબાજી પણ કરવામાં આવી હતી. સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યાં હતા.

શહેરના સેકટરોમાં પણ વસાહતો તથા સોસાયટીઓ ખાતે મટકીફોડના કાર્યક્રમ તથા રાસ-ગરબા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૩-ડી ખાતે યુવક મિત્રમંડળ દ્વારા ગણેશ ચોક ખાતે આયોજિત જન્માષ્ટમી મહોત્સવમાં રાસ-ગરબાનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત વિશાળ પંડાલમાં રાત્રે બારના ટકોરે કૃષ્ણ જન્મદર્શન સાથે ભવ્ય આરતી યોજાઈ હતી. આરતી બાદ યુવક મિત્ર મંડળ દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાવોલના રામજી મંદિરમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયુ જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. મંદિરના મહંત મધૂસૂદનદાસજી બાપુની નિશ્રામાં ભજન-કિર્તન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વાવોલના સિદ્ધનાથ મહાદેવ ખાતે પણ જન્માષ્ટમીની પરંપરાગત ઉજવણી કરાઈ હતી. વાવોલના શાલીન-૪ ખાતે ભજન-કિર્તન ઉપરાંત બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ અને મટકીફોડનું આયોજન કરાયું હતું. બાળકોએ દેશભક્તિ તથા યુવાનોએ પાણી બચાવોના સંદેશ સાથેના નાટકો તેમજ ભૂલકાંઓએ વિવિધ નૃત્યો રજૂ કર્યા હતા. કૃષ્ણ જન્મની આરતી દર્શન બાદ મટકીફોડનો કાર્યક્રમ યોજાયો હતો. આમ સમગ્ર ગાંધીનગરમાં જન્માષ્ટમીની ઉજવણી ભક્તિભાવપૂર્ણ રીતે કરાઈ હતી તથા આજે કનૈયાને પારણે ઝુલાવવામાં આવ્યો હતો.

## વાવોલના રાવળવાસમાં ટીબી જાગૃતિ



ગાંધીનગરના વાવોલમાં રાવલવાસ ખાતે જિલ્લા ક્ષયકેન્દ્ર દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના કેયુર જયસ્વાલ તથા આનંદ પટેલ દ્વારા ગ્રામજનોને ટીબી લોગના લક્ષણો, તેનું નિદાન અને તેની સારવાર સહિતની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાથમિક આરોગ્યના વાવોલ સબસેન્ટરના ફિમેલ હેલ્થ વર્કર ગીરાબેન તથા આશાવર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ટીબી ઉપરાંત ગ્રામજનોને મેલેરિયા, એચઆઈવી, લેપ્રેસી જેવા રોગો અંગે પણ માહિતી આપવામાં આવી હતી. જેનો ૧૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે હાથ ધરાયેલ પ્રાથમિક તપાસમાં ત્રણેક જેટલા ટીબીના શંકાસ્પદ કેસો મળી આવ્યા છે.



૧૫મી ઑગસ્ટ-સ્વતંત્રતા પર્વ નિમિત્તે ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ-ગાંધીનગર આયોજિત ભૂલકાંઓ માટેની ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગરની હિલવુડ સ્કુલમાં ધોરણ-૧માં ભણતા જ્વલ વાણીયાને પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જ્વલે **'Save the trees'** ની થીમ પર એના બાળમાનસની બનાવેલું ચિત્ર નિર્ણાયકોને પ્રભાવિત કરી ગયું હતું. જ્વલના મમ્મી અપેક્ષાબેન અલ્લાહાબાદ બેન્કની ગાંધીનગર શાખામાં અધિકારી તરીકે કાર્યરત છે.

## એલઆઈસી પેન્શનર્સ એસોસીએશનના હોદ્દેદારોની વરણી

એલઆઈસી ઈન્સ્યોરન્સ પેન્શનર્સ એસોસીએશન યુનિટ પેન્સનર્સના પ્રશ્નોના હલ માટે કાર્યરત છે. તેની ચોથી દ્વિવાર્ષિક સાધારણ સભામાં નીચેના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખ-એમ.આર. પટેલ, સામાન્ય મંત્રી ડી.એસ. વાઘેલા, ઉપપ્રમુખ એસ.એફ. ખમાર, સહમંત્રી ડી.એસ. સોલંકી, સંગઠનમંત્રી જી.કે. પરમાર, ઓફીસ સેક્રેટરી આર.એમ. મકવાણા, ખજાનચી-ડી.એન. વાઘેલા, ઈન્ટરનલ ઓડિટર એન.પી. ત્રિવેદીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

## સ્વતંત્રતા દિવસની રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉજવણી






ગાંધીનગર, તા.૧૬

આલમપુર ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે દેશના ૭૧મા સ્વતંત્રતા દિવસની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. રંગોલી ગ્રુપના નિયામક શ્રીમતી અનામિકા અંજારિયા અને શાળાના ટ્રસ્ટી શ્રી પ્રણવ સોનીના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતુ. પ્રાસંગિક સંબોધન કરતા શ્રીમતી અનામિકા અંજારિયાએ બાળકોને સ્વતંત્રતાના મૂલ્યો સમજાવ્યા હતા અને વિદ્યાર્થીઓને ગાંધીજીએ બતાવેલા સત્ય અને અહિંસાના પથ પર ચાલવા ઈજન કર્યુ હતુ. શાળાના બાળકોના માર્ચપાસ્ટ દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ એક સુંદર સાંસ્કૃતીક કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં પ્રી પ્રાયમરી અને ધોરણ ૧ થી ૯ ના બાળકોએ નૃત્ય- સંગીત અને સ્કિટ જેવા કાર્યક્રમો રજૂ કર્યા હતા. અંતમાં બાળકોને ચૉકલેટસ આપી મોઢુ મીઠુ કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ખુબ જ સુંદર રીતે ઉજવાયો હતો.



ગાંધીનગર જિલ્લાના જલુંદ ખાતે ગાયત્રી માધ્યમિક શાળામાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં પાંચ બાળકોએ ટીબી રોગ અંગે વકતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના મોનિકા જોષી, કેયુર જયસ્વાલ તથા આનંદ પટેલ દ્વારા ટીબી અંગે બાળકોને માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે બાળકોને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ફન્નાજબાનુ મલેક, દ્વિતિય ક્રમે રિંકલ ઠાકોર અને તૃતીય ક્રમે નિર્મલા વાઘેલા ઉપરાંત અન્ય બાળકોને પ્રોત્સાહક ઈનામો અપાયા હતા.


**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**

**જાહેર નિવિદા નં. ૧૧/૨૦૧૭-૧૮**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામ માટે જી.એસ.ટી. નંબર રજીસ્ટ્રેશન ધરાવનાર હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતી એજન્સીએ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ ફરજીયાત આપી તથા ટેન્ડર ફી તરીકે રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ)નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી., ગાંધીનગરના નામનો ડી.ડી. અરજી સાથે તા. ૨૪/૮/૧૭ (૧૮:૦૦ કલાક) સુધી રૂહરૂમાં ટેન્ડર આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧/૯/૧૭ સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૪/૯/૧૭ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. કવર પર 'પ્રીન્ટર ટોનર ખરીદના ભાવપત્રક' એમ અવશ્ય લખવું.

| કામનુ નામ |
| --- |
| જી.એસ.આર.ડી.સી. ગાંધીનગરની કચેરી ખાતે કોમ્પ્યુટર માટે પ્રીન્ટર ટોનર ખરીદ માટેની કામગીરી માટે વાર્ષિક ભાવ મંગાવવા બાબત. |

**જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર.**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, www.gsrdc.com**

માહિતી/૧૩૬૨/૧૭-૧૮



**LOSS OF SHARE CERTIFICATE**

NOTICE IS HEREBY GIVEN THAT THE SHARE CERTIFICATE(S) NO(S) 180190 FOR 705 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 3893484052 TO 3893484756 AND SHARE CERTIFICATE(S) NO(S) 252176 FOR 705 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 8095008712 TO 8095009416 OF ITC LIMITED STANDING IN THE MANE(S) OF MRS. BHANUBEN BALAVANTBHAI PATEL HAS/HAVE BEEN REPORTED LOST/STOLEN AND THAT AN APPLICANT FOR ISSUE OF DUPLICATE CERTIFICATE(S) IN RESPECT THEREOF HAS BEEN MADE TO THE COMPANY'S INVESTOR SERVICE CENTRE, ITC LIMITED 37, J L NEHRU ROAD, KOLKATA-700071 TO WHOM OBJECTION, IF ANY, AGAINST ISSUANCE OF SUCH DUPLICATE SHARE CERTIFICATE(S) SHOULD BE MADE WITHIN 15 DAYS FROM THE DATE OF PUBLICATION OF THIS NOTICE. THE PUBLIC ARE CAUTIONED AGAINST DEALING IN ANY MANNER WITH THESE SHARES.



**LOSS OF SHARE CERTIFICATE**

NOTICE IS HEREBY GIVEN THAT THE SHARE CERTIFICATE(S) NO(S) 42270 FOR 50 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 71096891 TO 71096940, AND SHARE CERTIFICATE(S) NO(S) 108485 FOR 25 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 2538977991 TO 2538978015, SHARE CERTIFICATE(S) NO(S) 181786 FOR 75 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 3896143426 TO 3896143500 AND SHARE CERTIFICATE(S) NO(S) 253242 FOR 75 ORDINARY SHARES BEARING DISTINCTIVE NO(S) 8096675647 TO 8096675721 OF ITC LIMITED STANDING IN THE NAME(S) OF SUNILBHAI BALVANTBHAI PATEL HAS/HAVE BEEN REPORTED LOST/STOLEN AND THAT AN APPLICANT FOR ISSUE OF DUPLICATE CERTIFICATE(S) IN RESPECT THEREOF HAS BEEN MADE TO THE COMPANY'S INVESTOR SERVICE CENTRE, ITC LIMITED 37, J L NEHRU ROAD, KOLKATA-700071 TO WHOM OBJECTION, IF ANY, AGAINST ISSUANCE OF SUCH DUPLICATE SHARE CERTIFICATE(S) SHOULD BE MADE WITHIN 15 DAYS FROM THE DATE OF PUBLICATION OF THIS NOTICE. THE PUBLIC ARE CAUTIONED AGAINST DEALNG IN ANY MANNER WITH THESE SHARES.